
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કર્ક**

**આજના ગ્રહોની કુંડળી**




**આવતીકાલે બુધ મીન રાશિમાં પ્રવેશે છે. હોળાષ્ટક ચાલે છે. મીનારક કમૂરતાં ચાલે છે. ઉપરોક્ત યોગોને કારણે શુભ કાર્યો ન થઈ શકે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** ચોથે સ્વગૃહી ચંદ્ર તમોને માત-પિતા તરફથી સ્નેહ - પ્રેમ - હૂંફ - આર્થિક વારસો - લાભ વિગેરે મળવાપાત્ર છે. આઠમે મંગળ - શનિને કારણે પડવા - વાગવા - દાઝવાથી સાવચેત રહેવું જરૂરી છે.

**વૃષભ** સ્વગૃહી મંગળથી દ્રષ્ટ અને ત્રીજે સ્વગૃહી ચંદ્રને કારણે આપનો ભાગ્યયોગ પ્રબળ થાય છે - ભાગ્યના જોરે તમો આજે ન ધારેલી સફળતા મેળવી શકશો - પ્રયત્નો કરશો તો સફળ થશો.

**મિથુન** ત્રીજે ચાંડાલ યોગને છઠ્ઠે મંગળ - શનિની યુતિ તમોને ન ધારેલ શત્રુ વિજય સપળતાનો યોગ કરાવે છે. રાશિપતિ નીચનો થઈ મીનમાં આજે બુધ પ્રવેશ્યો છે જે આપની રાશિ માટે સારો નથી. મિક્ષ ફળ મળે.

**કર્ક** સ્વગૃહી ચંદ્ર આપને ખૂબ જ ભાવુક બનાવે - નાનામાં નાની વાતને મોટું સ્વરૂપ આપીને મન પર લઈને તેના વિચારોમાંથી બહાર ના આવો. શનિની ત્રીજી દ્રષ્ટિથી જીવન સાથી લાગણી પ્રધાન બનશે - સાવધ રહેવું.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગ - બુધનું સાતમેથી આઠમે રાશિ ભ્રમણ - હોળાષ્ટક - મીનારક કમૂરતાં - નીચના બુધની રાશિ બદલવાની ક્રિયા - આ બધું તમારી રાશિને ફાયદો કરાવનાર નથી - સાવધ રહેશો.

**કન્યા** બારમે રાહુ - સાતમે સૂર્ય બુધની યુતિ - મીનનો બુધ - આપનો રાશિપતિ આજે નીચનો થાય છે જે આપની રાશિ માટે સારું નથી - બારમે રાહુ આપને સાવચેત રહેવાની સલાહ આપે છે.

**તુલા** રાશિપતિ પાંચમે તેમજ દસમે ચંદ્ર આપનો દિવસ આનંદ પ્રમોદમાં વિતાવવાનો સંકેત આપી જાય છે. બીજે મંગળ સરકારી કામમાં - જમીનની હેરફેરમાં - મકાનમાં - નાણાં અપાવે.

**વૃશ્ચિક** જમીન - મકાન - ઘર - મિલકતની લેવડદેવડમાં તમો થોડા નાણાં કમાઓ તેવા યોગ છે - સંતાનો તરફથી પ્રશ્નો ઉભા થવાના યોગ છે - પાંચમે નીચનો બુધ છે - જે પરિણામ સારું ન લાવે.

**ધન** ગુરુની રાશિ ઉપર દ્રષ્ટિ તેમજ ગુરુ સૂર્યનો પરિવર્તનથી ઉચ્ચત્વ પામતો યોગ છે જે આપની રાશિ માટે ઘણો સારો યોગ છે. ધાર્મિક કાર્યો - ભક્તિ - પૂજામાં દિવસ જાય.

**મકર** સાતમે સ્વગૃહી ચંદ્ર આપને ઘણા સારા ઊંચા વિચારોથી ક્રિયાશીલ રાખે - તમોને નેગેટીવ વિચારો આજે નહીં આવે - રચનાત્મક કાર્યો ચંદ્ર કરાવે - દિવસ સારો જશે.

**કુંભ** શુક્ર - ગુરુની પ્રતિયુતિ - બંને મહાગુરુઓની પ્રતિયુતિ - ફાયદો - નુકસાન બંને કરાવે તેવો યોગ છે - બંને ગુરુઓ કાયમ માટે સામે જ હોય છે -સાવધ રહેવું.

**મીન** સૂર્ય - બુધની રાશિમાં યુતિ - બુધ નીચ રાશિનો થાય - સૂર્ય મીનારક કમૂરતાં લાવેલ છે. હોળાષ્ટક ચાલે છે - આ બધા યોગો મીન રાશિના જાતક માટે સારા ગણાય નહીં - સાવધ રહેવું.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવ્યું હતું કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૮ રસ્તાઓને નોન પ્લાન માર્ગોને ડામર રોડ બનાવવા માટેના જોબ નંબર અપાયા છે.

દહેગામ બાયડ રોડથી લવાડ ફાર્મ સુધીના રસ્તાનું કામ, ઠાકોરના મોસમપુરથી બારોટના મોસમપુર થઈ સુજાના મુવાડાના રસ્તાનું કામ, જીંડવાથી બારેશ્વર રોડ, નવાનગરથી નજુપુરા રોડ, શિલોતીયાથી તાલુકા લીમીટ સુધી, ભક્તોના મુવાડા, નંદાજીની મુવાડી અને રાજાજીના મુવાડાથી દાનાજીના મુવાડા થઈ ઝડકીયા સુધીના રોડનો સમાવેશ થાય છે.

● જિલ્લામાં નવા સામુહિક આરોગ્ય કેન્દ્ર : ભાજપના શ્રી અશોક પટેલે જિલ્લામાં નવા મંજૂર કરાયેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ડીંગુચા અને કલોલ એમ બે નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા છે.

## નિર્ણયને ફગાવતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણ સમિતિની બેઠક સામાન્ય સભાના બીજા દિવસે મળવાની છે. પાટનગરમાં ઉભી થયેલી કોંગ્રેસની જૂથબંધીનીલડાઈ તીવ્ર બનતાં હવે પ્રદેશ નેતાગીરી પણ આકરા પગલાં લે તેવા સંકેતો મળી રહ્યા છે. કારણ કે આગામી દિવસોમાં ગાંધીનગર મનપાની ચૂંટણી આવી રહી છે. અને તેના પર આ પ્રકરણના છાંટા ઉડી શકે તેમ છે તેવુ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

## વન-વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થી મહાત્મા મંદિર સુધીના રસ્તાનુ કામ પુર્ણ કરી દેવાશે. શહેરના ખ માર્ગ પર વી વી આઇ પી મહાનુભાવોની અવરજવર રહેતી હોવાના લીધે ખ માર્ગનુ કામ ઝડપી પુર્ણ કરી દેવામાં આવશે. શહેરના ગ માર્ગને પણ સિકસલેન બનાવવા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી જયારે ખ માર્ગનુ કામ પુર્ણ કરાયા બાદ આગામી દિવસોમાં ગ માર્ગને પણ સિકસલેન બનાવવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.

## મહેતલ માગી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીબીઆઈ એફ આઈ આરના આધાર પર મનિ લોન્ડરિંગ કેસ દાખલ કરાયો હતો. એજન્સી એકંદરે હાલમાં નિષ્ક્રિય બની ગયેલી કિંગફિશર એરલાઇન્સના એકંદરે નાણાંકીય માળખામાં પણ તપાસ કરી રહી છે. લોન મેળવવા માટે શરૂ કરવામાં આવેલી કોઈપણ ચુકવણીમાં તપાસ કરશે.

## ઉંડી ચકાસણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

(દિલ્હી-ભુવનેશ્વર)ને ચકાસણી માટે રોકી દેવામાં આવી હતી. આ બંને વિમાનોને ખાલી જગ્યામાં લઈ જઈને તપાસ હાથ ધરાઈ હતી જ્યાં સુરક્ષા સંસ્થાઓએ ભાંગફોડ વિરોધી સાધનો મારફતે ચકાસણી કરી હતી. કાઠમંડુ ફલાઈટ (આરએ-૨૦૬)માં ૧૫૫ યાત્રીઓ હતા. નવ વિમાની કર્મચારીઓ હતા જ્યારે ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વર જતા વિમાનમાં ૧૭૮ યાત્રીઓ અને સાત વિમાની કર્મચારીઓ હતા. બંને વિમાનના યાત્રીઓમાં બીજા રાઉન્ડની ચકાસણી પુરી કરી લેવામાં આવી હતી.

## ઉભરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે આ સર્વેની કામગીરી ૧૯મી ફેબ્રુઆરી અને પહેલી માર્ચની વચ્ચે હાથ ધરવામાં આવી હતી. ૪૦૩ વિધાનસભાની સીટ પૈકી ૬૧ સીટને આવરી લઈને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સર્વે કરતી વેળા કુલ ૧૯ હજાર ૫૭૨ મતદારોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. સીટની વાત કરવામાં આવે તો આ મામલે સમાજવાદી પાર્ટીને સૌથી મોટો ફટકો પડી શકે છે. માર્ચ ૨૦૧૬માં ચૂંટણી યોજાઇ જા તો વર્ષ ૨૦૧૨માં ૨૨૮ સીટ જીતીને જોરદાર સપાટો બોલાવનાર સમાજવાદી પાર્ટીને માત્ર ૮૦ બેઠકો મળી શકે છે. જ્યારે વર્ષ ૨૦૧૨માં ૮૦ સીટ મેળવી લેનાર બહુજન સમાજ પાર્ટીને ૧૮૫ બેઠકો મળી શકે છે. ભાજપ-અપના દળ ગઠબંધનને આ ચૂંટણીમાં મોટી સફળતા મળી શકે છે. તેમની સીટની સંખ્યા ૪૩થી વધીને ૧૨૦ સુધી પહોંચી શકે છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીને કોઈ રાહત મળી રહી નથી. વર્ષ ૨૦૧૨માં ૩૭ બેઠકો જીતનાર કોંગ્રેસ પાર્ટીને આ વખતે વધારે ફટકો પડી શકે છે. કોંગ્રેસ-આરએલડીને માત્ર ૧૩ સીટ મળી શકે છે.

## તન-દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

જેનાથી તેમને haemolitic jaundice થઈ ગયો હતો જેમાં એમેનું billirubin total 50 હતું જેમાં billirubin direct 2 અને in-direct 48 હતું. જયારે sgpt નોર્મલ હતું અને આલ્કલાઈન નોર્મલ હતું તેનું (hb) હિમોગ્લોબીનના ટકા ૪ ગ્રામ થઈ ગયું હતું જોકે લોહી ચઢાવ્યા પછી અને ગાંજો અફીણ બંધ કર્યા બાદ બકુલભાઈ સારા થઈ ગયા. એવુ જ રીએક્સન તંબાકુ ખાવાથી થાય છે અને સિગરેટ પીવાથી પણ થાય છે માટે સાધના આ માટે બધા બહેનો એ ઝુંબેશ શરુ કરવી જોઈએ અને સરિતે પેલા નાના તાજા જન્મેલા બાળકમાં haemolitic jaundice થાય છે એતો કઈ ખાતા નથી એતો કઈ ખાતા નથી તો શું એમની માં બધું ખાતી હશે.

અરે સાધના, તૂં તો બહુ જ હોશિયાર છે યાર... નાના તાજા જન્મેલા બાળકમાં neonatal jaundice કહેવામાં આવે છે જેમાં માતાનું બ્લડ ગ્રુપ- RH negative હોય અને પિતાનું બ્લડ ગ્રુપ RH positive હોય ત્યારે અમુક કેસમાં આવા joundice વધારે થાય છે. અરે સાધના બધા ઘરે જમવા આવ્યા ઉઠો હવે જાઓ.. આવજો કાલે મળીશું.

**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સાહસ)
બીજ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન: ૨૩૨૫૬૭૧૭, ૨૩૨૫૬૭૧૫
CIN NO. U65410GJ1975SGC002693
વેબસાઈટ : www.gurabini.com

**ટપાલો માટે કુરીયર સેવાની કામગીરી**

નિગમની વડી કચેરી ગાંધીનગર તથા સંભવતઃ નિગમની શાખા કચેરીઓ ખાતેથી સ્થાનિક, ગુજરાતના જુદા જુદા સ્થળો તથા ગુજરાત બહારના સ્થળોએ ટપાલ સેવા અંગેની કુરીયર સેવા આપતી અનુભવી અને પ્રતિષ્ઠિત કુરીયર સર્વિસ માટે ટુ-બીડ પદ્ધતિથી ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે.

ટેન્ડર ફોર્મ નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતેથી પોતાની કુરીયર સર્વિસના લેટરહેડ ઉપર અરજી કરી રૂ. ૫૦૦/- ટેન્ડર ફી (પરત નહી મળવાપાત્ર) ભરવાથી કામકાજના ચાલુ દિવસો દરમિયાન ૧૧.૦૦થી ૧૬.૦૦ કલાક સુધીમાં તા. ૩૧/૩/૨૦૧૬ સુધીમાં મળી શકશે. ભરેલ ટેન્ડર તા. ૪/૪/૨૦૧૬ સુધી ફક્ત રજી. પોસ્ટ / સ્પીડ પોસ્ટથી / રૂબરૂમાં સ્વીકારવામાં આવશે.

મેનેજીંગ ડીરેક્ટર

# ખેડબ્રહ્મામાં ધંધાની હરિફાઈમાં પિતરાઈઓ બાખડ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મામાં સિલાઈ મશીનનો વેપાર અને રીપેરીંગનું કામ કરતા પિતરાઈ ભાઈઓ ધંધાની હરિફાઈ વચ્ચે ગાળાગાળીમાંથી મમલો બિચકતા લાકડી તથા હથોડી છુટી મારી તથા ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડવાના તથા જાનથી મારી નાંખવાની ધમકી આપવાના સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં સામ સામે ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ શહેરના સિવિલ રોડ ઉપર જ્યોતિ થ્રેડ અને સોઈંગ મશીનની દુકાન ધરાવતા અને દરજી કામ કરતા વસંતભાઈ રતીલાલ દરજી તથા પરેશભાઈ પરસોત્તમભાઈ દરજીની શક્તિ સોઈંગ મશીનની દુકાન તેજ સિવિલ રોડ ઉપર આવેલી છે. બંનેનો ધંધો એક જ હોઈ ધંધામાં હરિફાઈ રહેતી હતી. વસંતભાઈની દુકાન સારી ચાલતી હોઈ પરેશભાઈ અવારનવાર ધંધો બંધ કરી દેવાની ધાકધમકીઓ આપતા હતા. દરમિયાન સોમવારે બપોરે પરેશભાઈ દરજી, ભાવેશ શાન્તીલાલ દરજી તથા દિપક શાન્તીલાલ દરજી ત્રણેય જતા વસંતભાઈના ઘરે જલારામ સોસાયટીમાં ગયા હતા. અને વસંતભાઈને બહાર બોલાવી ગાળાગાળી કરી બાથે પડી ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા અને ભાવેશે હાથમાંની લાકડી વડે ઈજાઓ પહોંચાડી હતી. બૂમાબૂમ થતાં વસંતભાઈના બા ભારતીબેન તથા કાકા કાન્તીભાઈ ત્યાં આવી ગયા હતા. અને વસંતભાઈને છોડાવ્યા હતા. પરેશભાઈ તથા અન્ય બે જણા જતા જતા કહેતા ગયા હતા કે ધંધો બંધ કરી દેજો નહિ તો જાનથી મારી નાખવાની ધમકી આપતા ગયા હતા.

બીજી તરફ પરેશભાઈ દરજી પણ આજ સિલાઈ મશીનનું કામ કરે છે. શહેરમાં વસંતભાઈ રતીલાલ દરજી તથા રતીલાલ જેઠાલાલ દરજીના મકાનમાં ભાડેથી રમેશભાઈ પટેલ રે. નીચીધનાલ સિવણના ક્લાસ ચલાવે છે. રમેશભાઈએ પરેશભાઈ પાસેથી રવિવારના રોજ બે સિલાઈ મશીન વેચાણ લીધા હતા પણ આ સિલાઈ મશીન બરાબર કામ કરતા ન હોઈ સિવણ ક્લાસના કર્મચારીએ ફોન કરી પરેશભાઈને બોલાવ્યા હતા. તેથી સોમવારના રોજ પરેશભાઈ સિવણ ક્લાસમાં ગયા હતા. સિવણ મશીનના સ્પેર પાર્ટસ ખોલી ખરાબ કરી દીધા હતા. દરમિયાન વસંતભાઈ તથા રતીલાલ સિવણ ક્લાસના ઉપરના માળે રહે છે તે ત્યાં આવી ગયા હતા અને મશીન કેવી રીતે બગડ્યા છે તેવું પુછતા બંને ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરવા લાગ્યા હતા અને વસંતભાઈએ પરેશભાઈને છુટી હથોડી મારી માથાના ભાગે ઈજા પહોંચાડી ગડદાપાટુનો માર માર્યો હતો. દરમિયાન ઝપાઝપીમાં પરેશભાઈના ગળામાંથી સોનાના દોરાનો અડધો ભાગ ગુમ થઈ ગયો હતો. બૂમાબૂમ થતા સિવણ ક્લાસવાળા ધવલભાઈએ છોડાવ્યા હતા અને ફરી સિવણ ક્લાસમાં આવીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે વસંતભાઈએ સોમવારે રાત્રે અને પરેશભાઈએ મંગળવારે સાંજે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**પશુપાલનમાં પ્રગતિ... વિકાસની વધી ગતિ...**





- પશુપાલકોને ત્રણ વર્ષ માટે મહત્તમ ૫ ટકાના દરે મળશે ધિરાણ: ૧ લાખ પશુઓ માટે ધિરાણમાં વ્યાજ સહાય
- રાજ્યમાં ૧૪ સ્થળોએ સ્થપાશે વિવિધલક્ષી પશુ ચિકિત્સા સંસ્થાઓ: માંડવી ખાતે ડેરી વિજ્ઞાન કોલેજ અને રાજકોટ જિલ્લામાં પશુપાલન પોલીટેકનીક સ્થાપવાનું આયોજન
- પશુ ઓલાદ સુધારણા માટે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં નવા ફ્રોજન સીમેન સેંટર સ્થાપવા રૂા. ૨૮ કરોડની જોગવાઈ
- દૂધ મંડળીઓને પશુદાણ અને ઘાસચારા સંગ્રહ માટે ગોડાઉનની સગવડ ઉભી કરવા સહાય પેટે રૂા.૨૨.૫ કરોડની જોગવાઈ
- માત્ર એક વર્ષમાં મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજનાના પરિણામે ૧ લાખ ૪૦ હજાર પશુપાલકોના કુલ ૧૮ લાખથી વધારે પશુઓને મળી સારવાર: ૬ હજારથી વધારે પશુઓના થયા સર્જીકલ ઓપરેશન, ૫૧ લાખથી વધુ પશુઓને રસીકરણ અને ૯૦ હજારથી વધુ પશુઓને કુત્રિમ બીજદાન
- મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ મંડળીઓને રૂા.૧ના ટોકનદરે ૩૦૦ ચો.વાર જગ્યા અને દૂધઘરના બાંધકામ માટે ૫ લાખ સુધીની સહાય આપવામાં આવે છે: અન્ય દૂધ સહકારી મંડળીઓને જંત્રી દરના ૧૦ ટકા ઉપર જમીનની ફાળવણી

અને ઘણું બધુ....

"પશુપાલન વ્યવસાયમાં જોડાયેલી ગ્રામીણ માતૃશકિત પરિવારનો આર્થિક આધાર બનવાનું સામર્થ્ય ધરાવે છે"

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Visit http://www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat